# ઢીમામાં પૂનમે ભાવિકોનો ભારે ઘસારો : દાદાનો જયજયકાર

### મંદિર ટ્રસ્ટ અને સેવાભાવીઓ ખડેપગે : મેળાનું રંગેચંગે સમાપન



ડીસા

બનાસકાંઠાના મીની અંબાજીથી ઓળખાતા યાત્રાધામ ઢીમામાં પૂનમે મેળાનો છેલ્લો દિવસ હોવાથી યાત્રાળુઓનુ ઘોડાપુર ઉમટી પડ્યું હતું તેથી મંદિર પરિસર ધરણીધર દાદાના જયજયકારથી ગુંજી ઉઠ્યું હતું.

વાવ તાલુકા યાત્રાધામ ઢીમામાં ભાદરવા મહિનાનો અનેરો મહિમા હોવાથી દૂર દુરથી ભાવિકો પદયાત્રા અને વાહનો દ્વારા ધરણીધર ભગવાનના ચરણોમાં શીશ ઝૂકાવવા લાખોની સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જાહેર રસ્તાઓ ઉપર સેવાભાવી લોકો દ્વારા આવનારા યાત્રાળુઓની સેવામાં લગાતાર રાત દિવસ ખડેપગે રહી મેળાના અંતિમ દિવસે આવનારા યાત્રાળુઓની સેવા કરવામાં આવી હતી. સાથે જ થરાદ એસટી વિભાગ દ્વારા પણ આવનાર યાત્રાળુઓને કોઈ પણ જાતની તકલીફ ન પડે એના માટે એક્સ્ટ્રા બસોની વ્યવસ્થા કરીને યાત્રાળુઓને પૂરતા પ્રમાણમાં સવલતો આપવામાં આવી હતી. તેમજ ઢીમા ધરણીધર ભગવાન ટ્રસ્ટ તેમજ ઢીમણનાગ મંદિર ટ્રસ્ટ અને રામાસરા ટ્રસ્ટ અન્નક્ષેત્ર દ્વારા પણ યાત્રાળુઓની પૂરતા પ્રમાણમાં દેખભાળ કરવામાં આવી હતી. લગાતાર અગિયારસથી પૂનમ સુધી મેળા દરમિયાન યાત્રાળુઓને કોઈપણ જાતની તકલીફ ન પડે તેના માટે વાવ પોલીસ સ્ટાફ તેમજ સિક્યુરીટી સ્ટાફ દ્વારા વાવ પીએસઆઈ જી. કે. જાડેજાની સૂચનાથી તમામ જગ્યાઓ ઉપર પૂરતા પ્રમાણમાં પોલીસ બંદોબસ્ત રાખીને આવનાર યાત્રાળુઓને કોઈપણ જાતની ધરણીધર ભગવાનના દર્શન કરવામાં તકલીફ ના પડે તેના માટે રાત દિવસ ખડેપગે રહીને પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી. તેથી યાત્રાળુઓએ હાશકારો અનુભવી સેવાને બિરદાવી હતી. વહેલી સવારથી જ યાત્રાળુઓનો ઘસારો મોડી સાંજ સુધી જળવાઈ રહ્યો હતો. તેથી મંદિર પરિસર ભાવિકોથી ઉભરાઈ ઉઠ્યું હતું. શાનદાર આયોજન થકી મેળો શાંતિપૂર્ણ માહોલમાં સુખરૂપ સંપન્ન થયો હતો.

# સાબરકાંઠામાં વરસાદી માહોલ વચ્ચે ઝરમર વરસાદ

### સાબરકાંઠામાં વરસાદી માહોલ વચ્ચે ઝરમર વરસાદ

હિંમતનગર, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી જિલ્લાવાસીઓને સૂર્યનારાયણના દર્શન થયા નથી ત્યારે શનિવારે પણ વરસાદી માહોલ રહેવા પામ્યો હતો. જેના લીધે દિવસ દરમિયાન જિલ્લાના હિંમતનગર અને ઈડરમાં ૪ મી.મી. વરસાદ નોંધાયેલ છે. જ્યારે અન્યત્ર ઝરમર વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો. વરસાદને લીધે જિલ્લામાં વાતાવરણ ખુશનુમા બની જતા જિલ્લાવાસીઓને બાફ અને ઉકળાટમાંથી છુટકારો મળી ગયો છે. જો કે હવામાન વિભાગની આગાહી મુજબ આગામી તા. ૨૮ સપ્ટેમ્બર સુધી વરસાદી માહોલ રહે તેવી શક્યતા છે.

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચ દિવસથી વરસાદી વાતાવરણનો માહોલ જામેલો હોવાથી દિવસે સૂર્યના દર્શન થઈ શકતા નથી તો બીજી તરફ આવા વાતાવરણને લીધે જિલ્લામાં ગંદકી અને માંખી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. ઠંડા વાતાવરણને લીધે દિવસે અને રાત્રે ઉકળાટ અને બાફ બંધ થઈ જતા લોકોને ઠંડીનો અનુભવ થવા માંડ્યો છે.

દરમિયાન શનિવારે સવારથી જ જિલ્લામાં વરસાદી માહોલનું વાતાવરણ સર્જાતાની સાથે જ ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો. જો કે જિલ્લામાં કોઈપણ સ્થળે ભારે કે સામાન્ય વરસાદ ન થયો હોવાનુ ડિઝાસ્ટર વિભાગના સૂત્રોનું કહેવુ છે. તો બીજી તરફ ઈડરમાં સવારે ૮ થી ૧૦ના ગાળામાં ૩ મી.મી. વરસાદ પડ્યો હતો તથા બપોર બાદ ૧ મી.મી. વરસાદ થયો છે તેજ પ્રમાણે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં બપોરે ૧૨ થી ૨ દરમિયાન ૪ મી.મી. વરસાદ પડ્યો છે.

તે સિવાય પ્રાંતિજ, તલોદ, વડાલી, ખેડબ્રહ્મા અને પોશીના પંથકમાં વરસાદી માહોલ વચ્ચે ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. હવામાન વિભાગનું માનીએ તો સાબરકાંઠા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં આગામી તા. ૨૮ સપ્ટેમ્બર સુધીમાં વરસાદનો એક જોરદાર રાઉન્ડ આવી શકે તેમ છે. ત્યારબાદ ગુજરાતમાંથી ચોમાસાની વિદાય થશે. આ વર્ષે સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષ કરતા એકાંતરે સંતોષકારક વરસાદ પડ્યો છે જેના લીધે ચોમાસુ પાકની ઉપજ સારી રહેવાની ખેડૂત વર્ગ માની રહ્યો છે. જો કે ચોમાસુ પાકો દિવાળી અગાઉ તૈયાર થઈ ગયા બાદ ખેડૂતો તેની કાપણી અને લણણી કર્યા બાદ બજારમાં વેચવા આવશે ત્યારે ખરેખર ઉત્પાદન કેટલુ થયું તે જાણી શકાશે.

# ખેડબ્રહ્મા ભાદરવી પુનમનો મેળો સંપન્ન





ખેડબ્રહ્મા, તા. ૧૪

બનાસકાંઠા જીલ્લાના અંબાજી ધામ સાથે સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા ખાતે પણ મા અંબા બિરાજમાન છે. ભાદરવી પુનમ દરમ્યાન ખેડબ્રહ્મા ખાતે પણ લાખો ભક્તોનું ઘોડાપુર ઉમટ્યુ આવ્યુ છે. આ દરમ્યાન સાબરકાંઠા એસપી પરિવાર સાથે દર્શન કરવા પહોચ્યાં હતા. જેમાં જીલ્લા પોલીસ વતી મા અંબાને લાંબી ૫૨ ગજ ધજા ચડાવી ભક્તિમય માહોલમાં રંગાયા હતા. મા અંબાના ચરણોમાં આવેલા એસપી ધાર્મિક હોવાની છાપ ઉભી થતાં સ્થાનિકોમાં આનંદની લાગણી વધી છે.

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા શહેરમાં મા અંબાનું પૌરાણિક મંદિર આવેલુ છે. આથી આજે ભાદરવી પુનમના દિવસે માતાજીના આશીર્વાદ લેવા એસપી પરિવાર સાથે દોડી ગયા હતા. આ દરમ્યાન સ્થાનિકો અને અન્ય ભક્તોમાં સૌહાર્દનું વાતાવરણ બન્યુ હતુ. એસપી ચૈતન્ય માંડલિકે માતાજીને ધજા ચડાવતી પોલીસ ટીમનું નેતૃત્વ લીધું હતુ. જીલ્લા પોલીસ સ્ટાફે પણ લાંબી ધજા મા અંબાને ચડાવી આશીર્વાદનો લાભ લેતા માહોલ અત્યંત ધાર્મિક બની ગયો હતો.

સુત્રોએ જણાવ્યુ હતુ કે, મૂળ મહારાષ્ટ્રના વતની ચૈતન્ય માંડલિક ધાર્મિક અને સામાજીક બાબતે શરૂઆતથી જ હકારાત્મક છે. આથી પુનમના દિવસે મા અંબાના દર્શન કરવાની લાગણી ઉભી થતાં માતા પિતા અને તેમના ધર્મ પત્નિ સાથે પહોચ્યાં હતા. ઉલ્લેખનિય છે કે, એસપી ચૈતન્ય માંડલિકે મા અંબાના દર્શન કરી જીલ્લામાં સુરક્ષા વ્યવસ્થા જળવાઈ રહે અને તમામ સુખી બને તેવી પ્રાર્થના કરી હતી.






હિંમતનગર ખાતે શ્રી નલિનકાન્ત ગાંધી ટાઉનહોલમાં ડો.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા અંત્યોદય સમાજના લોકોને નિગમની તથા સરકાર ની વિવિધ યોજનાઓ ની જાણકારી મળી રહે તે માટે માર્ગદર્શન સેમીનાર યોજવામાં આવ્યો હતો જેમાં નિગમના અધ્યક્ષશ્રી ગૌતમભાઈ ગેડીયા, મેનેજીંગ ડિરેકટર શ્રી આર.એન. કુચારા તેમજ વિવિધ વિભાગના અધિકારીઓએ સરકારની વિવિધ યોજનાઓની માહિતી આપી હતી તથા નિગમની યોજનાઓનો લોકો સરળતાથી લાભ લઈ શકે અને વચેટિયાઓ નાબુદ થાય તે હેતુથી હવે ઓનલાઈન સિસ્ટમ અમલ કરેલ હોઈ ઓનલાઈન ફોર્મ ભરવા માટેનું ડેમોસ્ટ્રેશન બતાવી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં શ્રી હિતુભાઈ કનોડીયા ધારાસભ્ય ઈડર, શ્રી અનિરૂદ્ધભાઈ સોરઠીયા પ્રમુખ હિંમતનગર નગરપાલિકા, શ્રી કૌશલ્યાકુવરબા ઉપાધ્યક્ષ રાષ્ટ્રીય મહીલા મોરચો, શ્રી વિજયભાઈ પંડ્યા ઉપપ્રમુખ ભાજપ સાબરકાંઠા જિલ્લો , શ્રીમતી ગીતાબેન પરમાર પ્રમુખ તાલુકા પંચાયત તલોદ ,શ્રી શામળભાઈ ચેનવા ઉપાધ્યક્ષ ગુજરાત પ્રદેશ ભાજપ અનુ. જાતિ મોરચો તેમજ સાબરકાંઠા જિલ્લા ભાજપના અનુ.જાતિ મોરચાના મહામંત્રી શ્રી રાજેશભાઈ પરમાર ઈડર તેમજ ભાનુભાઈ દેસાઈ તલોદ, શ્રી મફાભાઈ ચેનવા કોર્પોરેટર નગરપાલિકા હિંમતનગર સહિતના વિવિધ આગેવાનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો તથા સમગ્ર જીલ્લામાંથી અંત્યોદય સમાજના આગેવાનો તથા લોકોએ ખુબ મોટી સંખ્યામાં હાજર રહી માર્ગદર્શન મેળવ્યું હતું. કાર્યક્રમ નુ સંચાલન શ્રી ભાનુભાઈદવે તેમજ શ્રી જે.વી.શ્રીમાળીએ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમની સફળતા માટે જીલ્લાના નાયબ નિયામકશ્રી ભાટીયાજી, નિગમના મેનેજર શ્રી ડી.કે. પરમાર તથા નિગમ તેમજ સ્થાનીક કચેરી સ્ટાફ અને સામાજિક આગેવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### હિંમત હાઈસ્કૂલમાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયુ

હિંમતનગર, તા. ૧૩

કાંચી શાળા વિકાસ સંકુલ હિંમતનગર દ્વારા શુક્રવારે હિંમતનગર કેળવણી મંડળ સંચાલીત હિંમત હાઈસ્કૂલ ખાતે ડૉ. વિક્રમ સારાભાઈ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરાયુ હતુ. તાલુકાકક્ષાના આ પ્રદર્શનમાં નાગરિક બૅંકના ચેરમેન નલીનભાઈ પટેલ, ડૉ. જે.એસ. પટેલ, ભાનુભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ અને ડૉ. મહેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં પાંચ વિભાગમાંથી ૭૬ કૃતિઓ રજુ કરાઈ હતી. ઉપરાંત નિબંધ લેખન અને વક્તૃત્વ સ્પર્ધાનો વિદ્યાર્થી અને શિક્ષક જુથમાં ૩૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

# માલપુરના પરસોડા ગામમાં મકાનની દીવાલ ધરાશાયી થતા ૧ મહિલાનું મોત



મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં સતત ૩ દિવસથી મેઘમહેર યથાવત રહેતા કાચા મકાનોમાં ભેજ લાગતા સતત દીવાલો ધરાશાયી થવાની ઘટનાઓ બની રહી છે. માલપુર પંથકમાં ધોધમાર વરસાદથી કાચા અને જર્જરિત મકાનો ગમે તે ઘડીએ ધરાશાયી થવાની દહેશત વચ્ચે પરસોડા ગામના ખાંટ ફળિયામાં મકાનની દીવાલ ધરાશાયી થતા ઘરમાં રહેલી મહિલા કાટમાળમાં દબાતા ભારે અફડાતફડી મચી હતી. મકાન ધરાશાયી થતા દોડી આવેલા ગ્રામજનોએ કાટમાળ નીચેથી મહિલાને બહાર કાઢી સારવાર અર્થે દવાખાને ખસેડાતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ખાંટ પરિવારના ૪ સભ્યો ઘરની બહાર હોવાથી આબાદ બચાવ થયો હતો. ઘટનાના પગલે માલપુર પોલીસ અને વહીવટી તંત્ર ઘટનાસ્થળે પહોંચ્યા હતા.

શનિવારની સવાર પરસોડા ગામના ગરીબ પરિવાર માટે આફતરૂપી સાબિત થઈ હતી. પરસોડા ગામમાં રહેતા પ્રવીણભાઈ ખાંટનું કાચું મકાન સતત વરસાદના પગલે મકાનની દિવાલ ધ્વસ્ત થતા દોડધામ મચી ગઈ હતી. ઘરમાં ઘરકામ કરતા મંજુલાબેન પ્રવીણભાઈ ખાંટ દબાઈ જતા મોત નિપજતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું. ઘરના ૪ સભ્યો ઘરની બહાર હોવાથી આબાદ બચાવ થયો હતો. સમગ્ર ઘટનાને પગલે માલપુર પોલીસ ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સમગ્ર મામલે માલપુર તાલુકા મામલતદાર કચેરી દ્વારા તલાટી મારફત રીપોર્ટ મંગાવી જોગવાઈ મુજબની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જીલ્લામાં ભારે વરસાદ બાદ કાચી દિવાલો ભેજને પગલે ધરાશાયી થતી હોય અન્ય રહીશોમાં પણ મુંઝવણ વધી છે.

# પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેશન ખાતે પોલીસ ચોકીનું ખાતમુહુર્ત



પ્રાંતિજ, તા. ૧૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે પોલીસ ચોકીનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે નગરજનોની માંગને લઈને તથા પ્રાંતિજ બસસ્ટેન્ડ ખાતે વધુ અવરજવરને લઈને તથા અસમાજીક તત્વોને ડામવા માટે પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે પોલીસ ચોકીની અવારનવાર માંગ ઉઠવા પામી હતી અને જેને લઈને પ્રાંતિજ ખાતે અગાઉ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીઆઈ વી. આર. ચાવડા, પીઆઈ કે. બી. પટેલ તથા હાલના પીઆઈ કે. એસ. બ્રહ્મભટ્ટના અર્થાત પ્રયત્નોથી પ્રાંતિજ બસસ્ટેન્ડ ખાતે પોલીસ ચોકીનું નવ નિર્માણ થઈ રહ્યું છે. જેનું ખાત મુહુર્ત પ્રાંતિજ નગરપાલિકાના પ્રમુખ ગીતાબેન પટેલ તથા ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું તો અહીં પોલીસ ચોકી નું નિર્માણ થશે તો ભાખરીયા બસસ્ટેન્ડ વિસ્તારમાં અવાર નવાર બનતી ક્રાઈમની ઘટનાઓ ઉપર અંકુશ રહેશે તો શાળા કોલેજોમાં જતી બાળકી, કોલેજની વિદ્યાર્થીનીઓને હેરાન કરવા આવતા રોમીયો પણ પોલીસ ચોકીને લઈને અંદર ગ્રાઉન્ડ થઈ જશે તો આ પ્રસંગે પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીતાબેન પટેલ, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, પ્રાંતિજ પીઆઈ કે. એસ. બ્રહ્મભટ્ટ સહિત નગરના અગ્રણીઓ પ્રાંતિજ પોલીસ સ્ટાફ, વેપારી સહિત નગરના લોકો ઉપસ્થિત રહ્યાં હતાં.



મહેસાણા શહેરમાં બે દિવસ પૂર્વે એક યુવતિના બ્રથડેની ઉજવણી દરમિયાન બે કોમના યુવાનો વચ્ચે તકરાર થતાં બ્રહ્મભટ્ટ સમાજના યુવાન પર તિક્ષ્ણ હથિયાર વડે હૂમલો કરાયો હતો. આ ઘટનાના શહેરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા અને બ્રહ્મભટ્ટ સમાજ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યુ હતુ. જેમાં અસામાજીક તત્વો વિરૂદ્ધ કડક પગલાં ભરાય તેવી માંગણી કરવામાં આવી હતી. દરમિયાન આ બનાવને પગલે હિન્દુ સંગઠનોની એક બેઠક યોજાઈ હતી. અને આ બેઠકમાં શનિવારના રોજ મહેસાણા બંધનું એલાન આપવામાં આવ્યુ હતુ. જેના સંદર્ભે આજે મહેસાણા શહેરમાં બંધ પળાયો હતો. બંધ દરમિયાન પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો હતો. જેથી કોઈજ અનિચ્છનીય બનાવ બનેલ નથી. હાલ શહેરમાં એકંદરે શાંતિપૂર્ણ સ્થિતિ પ્રવર્તે છે. શહેરના મુખ્ય રાજમહેલ રોડ, સ્ટેશન રોડ તેમજ અન્ય વિસ્તારોમાં બજારો બંધ રહ્યા હતા.



અમીરગઢ તાલુકા ના કાકવાડા ગામ નજીક થી બનાસ નદી પસાર થાય છે જ્યારે નદી પાર વસવાટ કરતા તેમજ ગામમાં વસવાટ કરતા પરિવારના બાળકોને અભ્યાસ મેળવવા માટે સરકાર દ્વારા કાકવાડા ગામ માં ધોરણ ૧ થી ૮ સુધીની સ્કૂલ બનાવવામાં આવેલી છે પરંતુ જ્યારે વરસાદી માહોલ સર્જાય અને નદીમાં પાણીનું ઓછું વહેણ ચાલતું હોય ત્યારે બાળકોએ અભ્યાસ કરવા માટે નદીના વહેણમાંથી માથે ચોપડા ઉપાડી પસાર થવું પડે છે અને નદીમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાય ત્યારે બાળકો એ ભણતર વગર રહેવા મજબુર બનવું પડે છે. આ સમસ્યા વર્ષોથી ચોમાસાની ઋતુ દરમિયાન સર્જાય છે પરંતુ આજ દિન સુધી આ સમસ્યાનો કાયમી ઉકેલ આવેલો ના હોવાથી બાળકો સહિત નદી પાર વસવાટ કરતા પરિવારને સમસ્યાનો સામનો કરવો પડે છે. આ અંગે કાકવાડા પ્રાથમિક શાળાના સૂત્રો એ જણાવ્યું હતું કે, કાકવાડા પ્રાથમિક શાળામાં નદી પાર વિસ્તારમાંથી અંદાજે ૨૫ જેટલા બાળકો અભ્યાસ માટે આવે છે જે તમામ બાળકોને નદીમાં વહેતા પાણીમાંથી પસાર થવું પડે છે. જ્યારે ગ્રામજનોએ જણાવ્યું હતું કે, કાકવાડા ગામ નજીક બનાસનદીના પટમાં કોઝવે કે પછી નાળું બનાવવા માટે તંત્ર સહિત રાજકીય નેતાઓને અનેક વખત રજુઆત કરેલી છે પરંતુ આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો ન હોવાથી દર વર્ષે ચોમાસાની ઋતુમાં અમારે જીવના જોખમે નદીમાંથી પસાર થવું પડે છે.

## પાલનપુરમાં ગાયો બની બેફામ : કલેકટરનો આદેશ, નોટિસ ઘોળીને પી જવાઈ

બનાસકાંઠા જિલ્લા મથક પાલનપુરમાં રખડતાં પશુઓને સ્થળાંતરીત કરવા માટે જિલ્લા કલેકટર સંદિપ સાંગલે દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો. જેનો અમલ કરવામાં ન આવતાં નગરપાલિકાના મુખ્ય અધિકારી તેમજ એન. એચ. એ. આઈ. પ્રોજેક્ટ ડાયરેકટર, કાર્યપાલર ઈજનેર માર્ગ અને મકાનને નોટિસ આપવામાં આવી હતી. પરંતુ જાડી ચામડીના આ અધિકારીઓને નગરજનોની કશી જ પડી ન હોય તેમ રખડતાં પશુઓ પકડવા માટે કોઈ જ કામગીરી હાથ ધરવામાં આવતી નથી. પરિણામ સ્વરૂપ રખડતાં પશુઓ બેફામ બની રહ્યા છે. જ્યાં શહેરના દિલ્હીગેટ ચોકમાં જાહેર માર્ગ ઉપર પસાર થઈ રહેલી મહિલાને ગાયે શિંગડે ચડાવી હતી. જેનો વિડિયો સોશિયલ મિડીયામાં વાયરલ થયો હતો.

# બાયડના લાલપુર-જુમાત્રાલ ગામની ૩૫ વર્ષીય મહિલાનું વીજકરંટથી મોત





બાયડ, તા. ૧૪

અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં વીજ કરંટ લાગવાની અને જાનહાની થવાની પણ અનેક ઘટનાઓ દર વર્ષે નોંધાતી હોય છે. વીજ કરંટ લાગવાથી જીલ્લામાં બે વ્યક્તિઓ કાળનો કોળિયો બની જવાની ઘટનાની શાહી સુકાઈ નથી ત્યારે બાયડ તાલુકાના લાલપુર-જુમાત્રાલ ગામે ઘર નજીક પશુઓ માટે બનાવેલ તબેલામાં ભરાવેલી દૂધની બરણી લેવા જતા ૩૫ વર્ષીય મહિલાને વીજકરંટ લાગતા મહિલાને બચાવવા જતા એક યુવક અને મહિલાને વીજકરંટ લાગતા ત્રણે વ્યક્તિઓને સારવાર અર્થે ખસેડાતા ૩૫ વર્ષીય મહિલાનું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી.

શુક્રવારે રાત્રીના સુમારે, બાયડના લાલપુર જંત્રાલ ગામે રાવળ ફળિયામાં રહેતા ફૂલા ભગત તરીકે જાણીતા પરિવારની મહિલાનું વીજકરંટથી મોત નિપજતા અને પરિવારના બે સભ્યો ગંભીર ઈજાગ્રસ્ત થતા પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. ઘર નજીક પશુઓ માટે બનાવેલ તબેલામાં રાત્રીના સુમારે તબેલામાં ભરાવેલી બરણી લેવા જતા વિદ્યાબેન પ્રભાતભાઈ રાવળ (ઉં.વર્ષ-૩૫)ને તબેલા નજીકથી પસાર થતા વીજ વાયરમાંથી વીજ કરંટ ઉતરતા મહિલાને વીજકરંટ લાગતા બરણી સાથે ચોંટી જતા બુમ પાડતા ઘરમાં રહેલા જગદીશભાઈ અને અન્ય એક મહિલા બચાવવા જતા તેમને પણ વીજકરંટ લાગતા ત્રણે જમીન પર પટકાતા પરિવારજનો અને આજુબાજુથી લોકો દોડી આવ્યા હતા અને તેઓને સારવાર અર્થે દવાખાને ખસેડાતા ફરજ પરના તબીબે ૩૫ વર્ષીય મહિલાને મૃત જાહેર કરતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું. પોલીસે પંચનામું કરી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વીજકરંટથી ૩૫ વર્ષીય મહિલા વિદ્યાબેન પ્રભાતભાઈ રાવળનું મોત નિપજતા મહિલાના નાના ત્રણ ભુલકોએ આક્રંદ કરી મુકતા અને મમ્મીને ઉઠાડોની જીદ પકડાતા ઉપસ્થિત લોકોએ ભારે હૈયે મમ્મી તો ભગવાનના ઘરે પહોંચી ગઈ સમજાવવા મથામણ કરી હતી.